રામની મરજી



એક ગામમાં એક વણકર રહેતો હતો. બહુ ધાર્મિક માણસ. સૌ તેના પર વિશ્વાસ રાખે અને તેને ચાહે. વણકર બજારમાં બેસીને કપડું વેચે. ઘરાક ભાવ પૂછે એટલે કહે કે 'રામની મરજીથી સૂતરની કિંમત એક રૂપિયો, મજૂરી ચાર આના. રામની મરજીથી નફો બે આના ; એકંદરે રામની મરજીથી કપડાંનો ભાવ એક રૂપિયો ને છ આના. ' માણસોને તેના પર એટલો વિશ્વાસ કે ભાવતાલ કર્યા વિના તરત જ પૈસા આપી દઇને કપડું લઇ લેતા. વણકર બહુ ભગત માણસ. રાત્રે વાળુ કર્યા પછી મોડે સુધી ફળિયામાં એકઢાળિયા નીચે બેઠો બેઠો ઇશ્વર-ચિંતન કર્યા કરે ને પ્રભુનું નામ-ગુણ-કીર્તન કરે. એક દિવસ મોડી રાત સુધી તેને ઊંઘ ન આવી. એટલે બેઠો બેઠો રામનામ લેતો હતો. એટલામાં એ રસ્તેથી ચોર ચોરી કરવા માટે નીકળ્યા. તેમની સાથે સામાન ઉપાડનાર કોઇ ન હતું, તેથી ચોર વણકરને કહે કે 'અલ્યાટ એય ! અહીં આવ, ચાલ અમારી સાથે.' એમ કહીને તેનો હાથ પકડીને ખેંચીને પરાણે લઇ ગયા. ત્યાર પછી કોઇ એક ગૃહસ્થસના ઘરમાં જઇને ખાતર પાડયું. કેટલીક ભારે ચીજો વણકરના માથા પર લાદી. એટલામાં પોલીસ આવી પહોંચી. એટલે પેલા ચોર તો નાસી ગયા. પણ બિચારો વણકર માથે બોજા સહિત પકડાઇ ગયો ! આખી રાત તેને થાણામાં રાખ્યો. બીજે દિવસે મેજિસ્ટ્રેપટ સાહેબની પાસે કેસ ચાલ્યો . ગામના માણસોને ખબર પડતાં બધા આવીને ત્યાં હાજર થયા. એ લોકો બધા મેજિસ્ટ્રે ટને કહેવા લાગ્યા કે'સાહેબ, આ માણસ કોઇ દિવસ ચોરી કરે નહિ. ' એટલે સાહેબે વણકરને પૂછયું 'કેમ ભાઇ, તમારું શું કહેવું?' એટલે વણકર બોલ્યોય કેસાહેબ, રામની મરજીથી મેં કાલે રાત્રે વાળું કર્યું. ત્યાર પછી રામની મરજીથી હું એકઢાળિયા નીચે બેઠો હતો ને રામની

મરજીથી મોડી રાત થઇ ગઇ. રામની મરજીથી હું રામનું સ્મીરણ અને તેનાં નામ-ગુણ-કીર્તન કરતો હતો. એ વખતે રામની મરજીથી એક ચોરની ટોળી ત્યાં થઇને નીકળી. રામની મરજીથી તેઓ મને હાથ ઝાલીને ખેંચી ગયા. રામની મરજીથી તેઓએ એક ગૃહસ્થકના ઘરમાં ખાતર પાડયું. પછી રામની મરજીથી મારા માથા ઉપર બોજો મૂક્યો. એટલામાં રામની મરજીથી પોલીસ આવી પહોંચી. રામની મરજીથી ચોર બધા નાસી ગયા ને હું રામની મરજીથી પકડાઇ ગયો ત્યાર પછી રામની મરજીથી પોલીસે મને થાણામાં રાખ્યો ને આજ સવારે રામની મરજીથી આપની પાસે હાજર કર્યો છે.'

આવો ધાર્મિક માણસ જોઇને સાહેબે વણકરને છોડી મૂકવાનો હુકમ કર્યો

વણકર રસ્તાકમાં પોતાના ભાઇબંધને કહે કે'રામની મરજીથી મને છોડી મૂકયો!'

ભગવાનમાં આપણે શ્રદ્ધા રાખીએ તો તે આપણી મદદે આવી પહોંચે છે.

સંકલન : શ્રી રામકૃષ્ણ દેવનીર્દષ્ટાંત કથાઓ